સાંજ સમાચાર કોકટેલ

સાંજ સમાચાર – રાજકોટ
તારીખ : ૨૫–૦૫–૨૦૧૭
ગુરૂવાર

આજનું ટ્વિટ

ફક્ત એટલા માટે જ કે હું હિન્દુ છું. રામાયણ-ગીતામાં માનુ છું એટલે મારે શરમ અનુભવી જોઈએ? કમ સે કમ આ પુરાણ કથાઓએ મને અન્યોને સન્માન અપાવતા શિખડાવ્યું છે.

રવિના ટંડન- તેના રામાયણ લેખની ટીકાનો જવાબ

આજનો દિવસ

સાબરમતી આશ્રમની સ્થાપના

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ અમદાવાદમાં ૨૫ મે ૧૯૧૫ના રોજ સાબરમતીના તટે સાબરમતી આશ્રમની સ્થાપના કરી હતી.

ભારત–પાક. ઘર્ષણ

આઝાદી બાદ ભારતને ૨૫ મે ૧૯૬૫ના રોજ પ્રથમવાર ઘર્ષણમાં ઉતરવુ પડ્યુ હતું. કાશ્મીર મુદ્દે વિવાદ હોવાથી ઘર્ષણ થયું હતું.

આજનું ચિંતન

ઈશ્વરની કૃપા મેળવવા આટલું કરીએ

- હંમેશા પવિત્ર અને ઉચ્ચ વિચારો રાખીએ.
- બીજાની સેવામાં તન–મનને પરોવીએ.
- પ્રાણી માત્ર પર સમદષ્ટિ રાખીએ.
- કોઈ ઉપર દ્વેષ ના રાખીએ, પણ પ્રેમ કરતા રહીએ.
- કોઈના દોષ ના જોઈએ, ગુણ દષ્ટિ ખીલવીએ.
- કોઈના વિચારે નહી, પણ અંતરના વિચારે ચાલીએ.
- સર્વ જીવનું કલ્યાણ પ્રાર્થીએ.
- સૌના ભલામાં આપણું ભલું છે તેમ સમજીને ચાલીએ.
- સત્સંગ અને ભકિત માટે સમય ફાળવીએ.

સ્વાસ્થ્ય માટે ટૂંકુ 'ને ટચ

વિટામીન ડી વધુ પડતુ લેવાઈ જાય તો કોલેસ્ટરોલ વધી પણ જાય

જો શરીરમાં વિટામીન ડીની ઉણપ હોય તો, અનેક સમસ્યાઓ થાય છે, હાડકાનાં નબળા પડે, હાર્ટ–ડિસીઝનું જોખમ વધે, ડાયાબીટીઝ અને ઓબેસીટી થઈ શકે. એ જ કારણોસર જે લોકો ડાયટ દ્વારા વિટામીન ડી નથી લઈ શકતા તેઓ સપ્લિમેન્ટસ લઈને એની ક્ષતિપૂર્તિ કરે છે. જો કે અમેરીકાની માયો કિલનીકના એન્ડોક્રાઈનોલોજીસ્ટોનું કહેવું છે કે બાળકો અને ટીનેજર્સમાં વિટામીન ડીનું પ્રમાણ વધી જાય તો એ નુકશાનકારક બની શકે છે. જયારે મેદસ્વી બાળકોને હાર્ટ ડિસીઝ કે ડાયાબીટીસઝનું જોખમ ઘટાડવા માટે વિટામીન્સનાં સપ્લિમેન્ટસ આપવામાં આવે ત્યારે એ જરૂરીયાત કરતાં બમણા કે ત્રણ ગણા ન થઈ જાય એનું ધ્યાન રાખવું જરૂરી છે. અભ્યાસુઓએ નોંધ્યું છે કે જાડીયા ટીનેજર્સને વણજોઈતાં અને જરૂર કરતાં પાંચથી સાત ગણા સપ્લિમેન્ટસ આપતા રહેવાથી તેમના વજનમાં વધારે થાય છે. તેમને પેટ ફરતે ચરબીના ટાયરમાં વધારો અને લોહીમાં હાનીકારક કોલેસ્ટરોલની જમાવટ વધે છે.



ફોટો ઓફ ધ ડે

મમ્મીની જેમ જ સિન્ડ્રેલા બની આરાધ્યા

ઐશ્વર્યા રાય બચ્ચન હાલમાં જ કાન ફિલ્મ ફેસ્ટિવલમાં બ્લુ સિન્ડ્રેલા ડ્રેસમાં જોવા મળી હતી. ઐશ્વર્યાની જેમ તેની દિકરી આરાધ્યા પણ પિન્ક સિન્ડ્રેલા ડ્રેસમાં જોવા મળી હતી. તેનો આ ફોટો ઐશ્વર્યાની હેરસ્ટાઈલિસ્ટે ટ્વિટર પર શેર કર્યો હતો. શેર કરતાંની સાથે જ આ ફોટો વાઈરલ થઈ ગયો હતો.

વોટ્સઅપ ઓફ ધ ડે

જજઃ તારી આ સ્થિતિ માટે એક માત્ર દારૂ જવાબદાર છે.
આરોપીઃ હાશ... નામદાર તમે કેટલા સમજદાર છો.
અત્યાર સુધી બધા મને જવાબદાર માનતા હતાં

સુડોકુ

						૮		
૫	૬			૪				
			૧		૨		૪	૫
	૪					૩		૭
		૨	૫		૭	૯		
૬		૫					૧	
૨	૫		૬		૧			
				૭			૮	૯
		૪						

ફરી જોડિયા બાળકોને જન્મ આપવા જઈ રહી છે સેલિના

મુંબઈ: બોલીવુડ ઈન્સ્ટ્રીની હોટ એકટ્રેસ સેલિના જેટલી અને તેના પતિ પીટર હોગ એક વખત ફરી જોડીયા બાળકોના માતા–પિતા બનવા જઈ રહયા છે. સેલિનાની પ્રેગ્નેન્સીને ત્રણ મહિના થઈ ચૂકયા છે. નો એન્ટ્રીમાં શાનદાર અભિનય દ્વારા લોકોના દિલોને જીતી ચૂકેલ સેલિના પહેલાથી જ ટવિન્સને જન્મ આપી ચૂકી છે. જેમના નામ વિસ્ટન અને વિરાજ છે. દુબઈમાં ફોન પર એક ઈન્ટરવ્યુ દરમ્યાન સેલિનાએ જણાવ્યું કે જયારે ડોકટર અલ્ટ્રાસાઉન્ડ કરી રહયા હતા. ત્યારે મારા પતિએ પુછયું કે શું હું ટવિન્સને જન્મ આપવા જઈ રહી છું. તેમના હા કહેવા પર અમે ચોકી ગયા હતા. જો કે અમે નસિબદાર છીએ કે ભગવાને અમને એક સાથે બે બાળકોને જન્મ આપવા માટે પસંદ કર્યો છે.

હોલીવુડ સુપરસ્ટાર બ્રેડપીટ અચાનક મુંબઈમાં

મુંબઈ: હોલીવુડના સુપરસ્ટાર બ્રેડ પિટે મુંબઈની સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી અને તે શાહરૂખ ખાનને પણ મળ્યો હતો. બ્રેડ પિટ હાલમાં તેની હોલીવુડની ફિલ્મ 'વોર મશીન'ને પ્રમોટ કરી રહયો છે અને આ ફિલ્મના પ્રમોશન માટે તે મુંબઈ આવ્યો છે. 'વોર મશીન'માં બ્રેડ પિટ અમેરિકાના જનરલ ઓફિસરનું પાત્ર ભજવી રહયો છે. તેણે આ ફિલ્મને કો–પ્રોડયુસ પણ કરી છે. બ્રેડ પિટની સાથે આ ફિલ્મને ઓનલાઈન સ્ટ્રીમિંગ સર્વિસ નેટફિલકસે પણ પ્રોડયુસ કરી છે. શાહરૂખ ખાને પણ તેની ફિલ્મ માટે નેટફિલકસ સાથે કોન્ટ્રેકટ કર્યો છે. તેથી બ્રેડ પિટની ફિલ્મને પ્રમોટ કરવા માટે શાહરુખને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. 'વોર મશીન'ને અમેરિકાના સ્વર્ગીય પત્રકાર માઈકલ હેસ્ટિંગ્સની બુક હધ ઓપરેટર્સઃ ધ વાઈલ્ડ એન્ડ ટેરિફાઈગ ઈન્સાઈડ સ્ટોરી ઓફ અમેરિકાઝ વોર ઈન અફઘાનિસ્તાન' પરથી બનાવવામાં આવી છે. તેથી શાહરૂખ અને બ્રેડ પિટે ગઈકાલે એક ચેટ સેશન દરમ્યાન આ ફિલ્મ વિશે વાતચીત કરી હતી. ભારતમાં હાલમાં વિન ડિઝલ, જેકી ચેન, જસ્ટિન બીબર જેવી ઘણી સેલિબ્રિટીઝ આવી છે; પરંતુ બ્રેટ પિટની મુલાકાતને સરપ્રાઈઝ રાખવામાં આવી છે. બ્રેડ પિટ તેના ટોકયોના પ્રીમીયર બાદ સીધો મુંબઈમાં આવ્યો હતો. મીડિયાને મોકલવામાં આવેલા ઈન્વિટેશનમાં પણ એટલું જ જણાવવામાં આવ્યું હતું કે 'વોર મશીન'નો ડિરેકટર ફિલ્મને પ્રમોટ કરવા આવી રહયો છે. તેથી બ્રેડ પિટને મુંબઈમાં જોઈને તેના ચાહકોની ખુશીનો પાર ન રહયો હોય એ બની શકે છે. 'વોર મશીન'ને શુક્રવારે નેટફિલકસ પર રિલીઝ કરવામાં આવશે.

સીને જગત

સોનમને આ સાડી કોણે આપી ?

મુંબઈ: સોનમ કપૂરે કાન ફિલ્મ–ફેસ્ટિવલના પહેલા દિવસે પહેરેલી સાડી તેના બોયફ્રેન્ડ આનંદ આહુજાની પસંદગી હતી એવી વાતો ચાલી રહી છે. આનંદ પોતે ગાર્મેન્ટનો બિઝનેસ કરે છે અને તેથી જ તેણે સોનમ અને તેની બહેન રિયા કપૂરને તેના મિત્રો ડિઝાઈનર મૃગા કાપડિયા અને અમ્રિતકુમારનું નામ સજેસ્ટ કર્યું હતું. તેમની સાથે મળીને રિયા અને સોનમે એ સાડી પસંદ કરી હતી.

જોકે સોનમની સાડીનાં વખાણ પણ કરવામાં આવ્યાં હતાં.

૭૪ વર્ષે પણ ફિલ્મોની ઓફરો; સરકાર ખુશ

અમિતાભ બચ્ચન પોતાને ખુબ જ ખુશનસીબ માને છે, કારણ કે ૭૪ વર્ષની ઉમરે પણ તેમને ખૂબ જ કામ મળી રહયું છે. એન્ગ્રીમેન તરીકે જાણીતા બિગ બી હાલમાં '૧૦૨ નોટઆઉટ'નું શૂટિંગ કરી રહયા છે, જેમાં તેઓ ૧૦૨ વર્ષની ઉમરની વ્યકિતનું પાત્ર ભજવી રહયા છે. બિગ બીએ છેલ્લા થોડા સમયમાં ભજવેલી ફિલ્મોના પાત્રનો એક કોલાજ ટ્વિટર પર શેર કરી ટ્વીટ કર્યું હતું કે 'શમિતાભ', 'પીકૂ', 'વઝીર', 'તીન', 'પિંક', 'સરકાર–૩' અને '૧૦૨ નોટઆઉટ' જેવી ફિલ્મોમાં કામ કરીને હું પોતાને ખૂબ જ ખુશનસીબ માનું છું.

બાઉન્સી વાળ માટે હવે તાળવામાં બોટોક્સ ઈન્જેક્શન લેવાનો ટ્રેન્ડ

લંડન : બોટોકસ એક પ્રકારનું ટોકસીન છે. જે ત્વચાની ઉપરના લેયરમાં આપવાથી એની ટાઈટનેસ વધે છે અને કરચલીઓ છુપાય છે. ચહેરાની એ જ ઢાંકવા માટે જાણીતાં બોટોકસનાં ઈન્જેકશન્સ હવે વાળા માટે પણ વપરાવા લાગ્યા છે. જેમને માથાના વાળમાં ખૂબ પસીનો થતો હોય એવી મહિલાઓ વાળ કોરા રાખતી હોવા છતાં તેમના વાળ એકદમ ચીપચીપા અને ઓઈલી દેખાય છે. વાળનો જથ્થો ઓછો હોય ત્યારે ઓઈલી વાળને કારણે વધુ તકલીફ પડે છે. બ્રિટીશ કોસ્મેટીક સર્જયનોનું કહેવું છે કે હવે બ્લો ડ્રાય કરેલા વાળની ડ્રાયનેસ લાંબો સમય ટકે અને વાળ બાઉન્સી લાગે એ માટે મહિલાઓ તાળવાની ત્વચામાં બોટોકસનાં ઈન્જેકશન લેતી થઈ ગઈ છે. બોટોકસને કારણે વધુ પડતો પસીનો થતો અટકે છે. અલબત, એની અસર અમુક મહિનાઓ સુધી જ ટકે છે. છ–આઠ મહિને ફરીથી આ ઈન્જેકશન્સ લેવા પડે છે.

દુનિયા રંગબેરંગી

રૂપિયાની કડકડતી નોટો પણ કોલેરા અને અન્ય ચેપી રોગો ફેલાવી શકે છે

મુંબઈ : જે ચીપ ડાયરેકટ માનવસંસર્ગમાં આવે છે એ દરેક પર દરેક વ્યકિતની છાપ છૂટી જાય છે. આવી કોમન ચીજો પર ચેપી બેકટેરીયા અને વાઈરસ પણ સંઘરાઈ રહી શકે છે. ચેપ ફેલાવવાની બાબતમાં ચલણી નોટોનો પણ ઘણો મોટો ફાળો છે એ વાત વિવિધ દેશના રિસર્ચરોએ અલગ–અલગ અભ્યાસમાં તારવ્યું છે. બ્રિટીશ રિસર્ચરોના અભ્યાસમાં બહાર આવ્યું છે. ચલણી નોટો પર ઓછામાં ઓછા ૭૮ જાતના રોગો પેદા કરી શકે એવા માઈક્રો–ઓર્ગેનિઝમ એટલે કે જીવાણુઓ અને બેકટેરીયા હોય છે. આ અભ્યાસ માટે સ્ટ્રીટ પર ચીજ વસ્તુતો વેંચતા ફેરીયાઓ પાસેથી કલેકટર કરેલી ચલણી નોટોનાં સેમ્પલો તપાસવામાં આવ્યા હતા. સિંગાપોરમાં રિસર્ચરઓ રેલ્વે સ્ટેશન અને હોસ્પિટલોમાં ફરતી ચલણી નોટોનું સ્કેનીંગ કર્યુ હતું. એમાં પણ અધધ માત્રામાં બેકટેરીયા જીવંત અવસ્થામાં જોવા મળ્યા હતા. ચલણી નોટો રોગનો ફેલાવો કરવામાં કેટલો ભાગ ભજવી શકે છે. એની શકયતાઓ તપાસવા માટે યુરોપીયન રિસર્ચરોની ટીમને ચલણી નોટો પર ૭૦ પ્રકારના રોગ પેદા કરી શકે એવા જીવાણુઓના ડીએનએ જોવા મળ્યા હતા. આ જીવાણુઓના અવશેષો બીજાને ચેપ લગાવી શકે એમ હોય છે કે નહી એ બાબતે હજી સ્પષ્ટતા નથી, પણ એનાથી રોગોના ફેલાવાની શકયતા ખૂબ મજબુત હોવાની ધારણા બંધાઈ રહી છે. યુરોપીયન રિસર્ચરોના મતે ટોઈલેટના દરવાજા અને નકુચા કરતાં ચલણી નોટો પર વધુ હાનીકારક બેકટેરીયા હોઈ શકે છે.

૨૮ લાખ રૂપિયાની વીંટી પ્લેનના ટોઈલેટમાં પડી ગઈ

સાંધાઈ : ૨૧મેના રોજ મિસ્ટર શેન નામના એક ચાઈનીઝ ભાઈ દોહા, કતારથી ચીનના હાંગઝુ જઈ રહયા હતા. ચાલુ પ્લેને તેઓ ટોઈલેટમાં ગયા અને થોડીવારે જ ચિંતાતુર ચહેરે પાછા બહાર આવ્યા. તેમણે પ્લેનના ક્રુ–મેમ્બર્સને જાણ કરી કે તેમની ૨૮.૨૨ લાખ રૂપિયાની હીરાની વીંટી ટોઈલેટની અંદર જતી રહી છે. પ્લેન જયારે ચીનમાં લેન્ડ થયુ ત્યારે એરપોર્ટના કલીનીંગ સ્ટાફને બોલાવવામાં આવ્યો. સામાન્ય રીતે વિમાનની સ્યુએજ ટેન્કમાં એકઠા થતાં મળમુત્રનું પાણી અલગ તારવીને એને સ્યુએજ પ્લાનમાં મોકલી દેવામાં આવતું હોય છે. કલીનીંગ સ્ટાફના બે કર્મચારીઓએ ઉઘાડા પગે સ્યુએજ પ્લાન્ટમાં ફેંદી માર્યો, પણ કયાંય તેમની વીંટી મળી નહી. આખરે વિમાનની હોલ્ડિંગ પુલ–ટેન્કડ ખોલીને એમાં કર્મચારીઓ ઘૂસ્યા. મળમુત્રની ટેન્કમાં ખાસ્સી વાર શોધ્યા બાદ આખરે વીંટી મળી આવી. વીંટી મળી ત્યારે મિસ્ટર શેનને આનંદ અને આભારનો નવો અટેક આવ્યો કે તેઓ કશું બોલી જ શકયા નહી. બીજી બાજુ પેલા બંને કર્મચારીઓ એક કલાક સુધી નહાતા રહયા છતાં તેમને લાગતુ હતું કે હજી તેઓ મળમુત્રમાં જ ફરી રહયા છે.

શનિવાર તા. ૨૦/૦૫ ના પઝલનો જવાબ

સ	ત્ય	ના	પ્ર	યો	ગો		રૂ	ક	જા	ના	ન	હીં		સ
ત્ય			ત્યુ		દ	લા	ઈ	લા	મા		મ		અ	હા
રા		મ	શા	લ				કા		લો	ક	૨		દ
જ	રા		બે		સિ	દ	સ	૨			હ	જા	મ	ત
	હે	લ	ન		મ	વા			ખો	ગ	લા	ઈ		હ
જા	ન	વ	૨	ઓ	૨	ઈ	ન્સા	ન		જ	લ		દા	સ
	શા		જી		ન				મા	રા		સા	વ	ન
પ્ર	હ	૨		અ		ચ	૨	ણ	૨	જ		મા	ત	મ
વે		મ		ત્ર	ણ		ખો					કાં		ન્ટો
શ		જા	ગ	ત		મા	લા		ઠે	૨	ના	ઠે	૨	
પ	વ	ન	પુ	ત્ર		મ		પો	કે	ખો	ન		વિ	ન
ત્ર				સ	વ	લ	ત		દા			સુ	ના	૨
	ના	રી		વં		ત	ક	રા	૨		ફા		ટં	ક
	દા		પા	ત્ર		દા	વા			ગ	૨	બ	ડ	
ખા	ન	દા	ન		શ	૨	દી	ઉ	ધ	૨	સ		ન	વ

શનિવાર તા. ૨૦/૦૫ ના પઝલના વિજેતાના નામ તા. ૨૭/૦૫ ને શનિવારના રોજ જાહેર કરવામાં આવશે

Shree Ram TELE WORLD

પ્રગતિ પ્લાઝા, શિવાની હોસ્પિટલ સામે, સ્વામિનારાયણ ગુરૂકુળ સામે, ઢેબર રોડ (સાઉથ), રાજકોટ

મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈકયૂ ટેસ્ટ જેવી શબ્દ રમત

■ માધવી નરેશ શાહ

૧		૨	૩	૪				૫	૬
		૭				૮	૯		
૧૦						૧૧			
		૧૨	૧૩		૧૪				
					૧૫			૧૬	
	૧૭		૧૮	૧૯		૨૦			
૨૧									
૨૨				૨૩				૨૪	૨૫
૨૬							૨૭		
૨૮					૨૯				

આડી ચાવી

૧. 'આ' દેશી મહિનો પુરા થઈને પછી 'આ' મહિનો બેસશે (૩, ૨)
૫. નો, ના (૨)
૭. અરબાઝ ખાનનો નાનો સુપરસ્ટાર ભાઈ (૬)
૧૦. મીઠાઈ પર ચીપકાવાનું રૂપેરી પડ (૩)
૧૧. મહ..., મા..., સા... (૨)
૧૨. ટાઈમટેબલ(૬)
૧૫. હોઠ ઉર્દુ (૨)
૧૬. અભિષેક બચ્ચનની સાસરા પક્ષની અટક (૨)
૧૮. આકાશ, ગગન (૨)
૨૦. તુમ અપના..., અપની પરેશાની મુઝે દે દો ! (૪)
૨૧. પ્રિય ન હોય એવું (૩)
૨૨. એક ચોઘડિયું (૨)
૨૩. સૂર્યનો અસ્ત (૩)
૨૪. સોનાના બિસ્કીટ માટેનો શબ્દ (૨)
૨૬. રીશીકપુર–નીતુ સીંઘની કોમેડી ફિલ્મ (૫)
૨૭. અમદાવાદનો એક વિસ્તાર (૩)
૨૮. પાણી (૨)
૨૯. ત્વરીત (૩)

ઉભી ચાવી

૧. વૈભવી (૫)
૨. લાડવા પર છંટાય, જેની ઘેન ચઢે ! (૪)
૩. ગુનેગારોને અહીં રાખવામાં આવે (૨)
૪. ઠકકર માનસિંહનું સંક્ષિપ્ત (૨)
૬. ઈરફાન ખાનની લેટેસ્ટ ફિલ્મ (૬)
૮. આગતા સ્વાગતા (૭)
૯. ચહેરા પર નમણાશ હોય તેવી નારી (૩)
૧૩. મેલું, ગંદુ (૩)
૧૪. વરસ (૨)
૧૬. પંડિતો સૂર અને....ના જાણકાર હોય ! (૫)
૧૭. પહેલી એપ્રિલે શું બનાવીએ (૫)
૧૯. બધુ ભરખી જનાર (૪)
૨૧. આશ્ચર્ય (૪)
૨૫. દૂધની બોટલનો પ્રથમ હિસ્સો (૩)
૨૭. દિવસનું વિરોધી (૨)

જ	સ્ટી	ન	બી	બ	૨		દ	મ	ન
ક	વ	રે	જ		બ	ળ	વા	ન	
	ન	શ		હો				ચ	ણ
	સ્પી		બ	જ	રં	ગ	બ	લી	
પા	લ	ઘ	૨		જ	રા	ક		લ
	બ	૨	ખા	સ્ત		જ		વા	ઘ
કુ	ર્ગ		દ		બે		બા		૨
૨		દ	ત્ત	ક			ઘ		વ
બા		રા		પ	ન	ઘ	ટ		ઘ
ની	સ	૨	ણી		શો	૨	બ	કો	૨

આવતીકાલનું પંચાગ

વિક્રમસંવત ૨૦૭૩, જેઠ સુદ–૧, તા.૨૬/૫/૧૭,શુક્રવાર, સૂર્યોદય : ૬–૦૫, સૂર્યાસ્ત : ૭–૨૨, જૈન નવકારશી : ૬.૫૩, રાશિ : વૃષભ(બ.વ.ઉ.), નક્ષત્ર : રોહિણી.
આજના ગ્રહો : સૂર્ય–વૃષભ, ચંદ્ર–વૃષભ, મંગળ–વૃષભ, બુધ–મેષ, ગુરૂ–કન્યા, શુક્ર–મીન, શનિ–ધન, રાહુ–સિંહ, કેતુ–કુંભ, હર્ષલ–મીન, નેપ્ચ્યુન–કુંભ, પ્લુટો–ધન.

આપની આવતીકાલ

મેષ : વાણી ઉપર કાબુ રાખજો, પ્રવાસની ઈચ્છા ફળવાની છે, નોકરીમાં પ્રમોશનના ચાન્સ રહે.
વૃષભ : પરિવારના સભ્યોની જરૂરીયાતો વધવાની, આવકના નવા સાધનો ઉભા કરવામાં સફળતા મળવાની.
મિથુન : તમારો ચાર્મ વધવાનો છે, કાર્યભારને લઈને સ્વાસ્થ્ય બાબત જાળવવું, વિદેશથી લાભ રહેવાનો.
કર્ક : માર્કેટીંગમાં સફળ થવાના છો, નવું આયોજન સફળ થાય, કર્જ કરવામાં ધ્યાન રાખજો.
સિંહ : નિકટના સાથીઓ સાથે સુમેળ રાખજો, આવકનું પ્રમાણ વધવાનું છે, આર્થિક લાભ રહે.
કન્યા : નકારાત્મક વિચારો કે વાંચન થી દૂર રહેજો, મિત્રોને સમજવાની કોશિષ કરવી.
તુલા : દિવસ દરમ્યાન આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો, નોકરીમાં ચીવટ રાખવી, મિત્રોથી આર્થિક મદદ મળવાની.
વૃશ્ચિક : તમારો આત્મવિશ્વાસ વધવાનો, નોકરીમાં અનુકુળતા રહે, સાંજ પછીનો સમય વધુ લાભ કર્તા રહે.
ધન : અટકતા કાર્યને વેગ મળવાનો, મિત્રો સાથે વ્યવસાયનું આયોજન થાય, શેર સટ્ટાથી દુર રહેજો.
મકર : નિર્ણયો બાબત સર્તકતા કેળવજો, નવી યોજનામાં કોઈની સલાહ લેજો, પરિવારના સભ્યોને સહકાર દેજો.
કુંભ : માનસિક ટેન્સન દૂર થાય, જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે, આવકનું પ્રમાણ વધવાનું.
મીન : નોકરીમાં મનગમતી જગ્યા મેળવશો, નવી ઓફર આવે સંતાનોની પ્રગતિ માટે શુભ દિવસ રહેવાનો.

અગત્યના હેલ્પલાઈન નં.

ઈમરજન્સી	108
મહિલા સુરક્ષા	1091
ટ્રાફિક હેલ્પલાઈન	1095
સીનીયર સીટીઝન હેલ્પલાઈન	1096
પોલીસ કમિશનરશ્રી રાજકોટ શહેર	2459888
પી.બી.એકસ.	મો.9978406287
કન્ટ્રોલ રૂમ	2457777-100
ટ્રાફિક બ્રાંચ	2227737
રેલવે ઈન્કવાયરી	139/2457901
ભકિતનગર રેલવે સ્ટેશન	2463352
એસટી ઈન્કવાયરી	2235025/26
એરોડ્રામ ઈન્કવાયરી	2234122
ટેલિફોન ઈન્કવાયરી	197
ટેલિફોન લગતી માહિતી	1500/1503
ટેલિફોન ફરિયાદ	198
જીઈબી ફરિયાદ	1912
પીજીવીસીએલ(સૌરાષ્ટ્ર–કચ્છ)	1800233155333
મ્યુનિ. કોર્પોરેશન ફરિયાદ	2450077
ડોકટરોની માહિતી	2480353 (વૈભવ)
સિવિલ હોસ્પિટલ	2445864
ગોંધિયા હોસ્પિટલ (વોકહાર્ટ)	2575611-12
સ્ટર્લિંગ હોસ્પિટલ	2588002/04
ધકાણ હોસ્પિટલ	2444083
એચ.જે. દોશી હોસ્પિટલ	2360531
સવાણી કિડની હોસ્પિટલ	2562299
લાઈફ બ્લડ સેન્ટર	0281-2234242
સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ	2573588
સ્વામી. ગુરૂકુળ હોસ્પિટલ	2377706
દશાશ્રીમાળી હોસ્પીટલ	2223963
એનીમલ હેલ્પલાઈન(કરૂણા)	98980 19059
બાળકો માટેની હેલ્પલાઈન	1098
યુનિકેર હોસ્પિટલ	94080 30123
શ્રી જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલ	2450551/52/53

મનોરંજન

ગિરનાર સિનેમા	2445776
ગેલેકસી સિનેમા	2440125
રાજશ્રી સિનેમા	2228520
સિનેમેકસ	2332734/35
કોસ્મોપ્લેકસ	3297244
બિગ સિનેમા	3989404
ઓમ સિનેમેકસ	281-6543210

મુકિતધામ–અંતિમ વિસામો

રામનાથપરા મુકિતધામ	2221950/ 2237900
મોટા મવા મુકિતધામ	2563428/ 2562888
૮૦ ફૂટ રોડ મુકિતધામ	9924316288
મવડી રોડ મુકિતધામ	2924174

ફાયર સ્ટેશન

કનક રોડ ફાયર સ્ટેશન	0281-2227222
બેડીપરા રોડ ફાયર સ્ટેશન	96247 04772
કાલાવડ રોડ ફાયર સ્ટેશન	96247 04773
મવડી રોડ ફાયર સ્ટેશન	96247 04774

ગઈકાલના સુડોકુનો ઉકેલ

૮	૪	૬	૭	૧	૯	૨	૫	૩
૧	૩	૭	૫	૨	૪	૮	૬	૯
૫	૯	૨	૬	૮	૩	૧	૪	૭
૯	૬	૫	૨	૩	૧	૭	૮	૪
૨	૭	૩	૮	૪	૬	૫	૯	૧
૪	૧	૮	૯	૫	૭	૩	૨	૬
૩	૨	૧	૪	૯	૮	૬	૭	૫
૬	૫	૪	૧	૭	૨	૯	૩	૮
૭	૮	૯	૩	૬	૫	૪	૧	૨

સાંજ સિનેસૃષ્ટિ

બ્લુ રૂબી ગ્રીન લોજ પર્પલ	**ગેલેકસી**	
	કરસનદાસ પે એન્ડ યુઝ (ગુજ.)	૧૦.૩૦
	હાફ ગર્લફ્રેન્ડ	૧.૦૦, ૩.૩૦, ૧૦.૪૦
	હિન્દી મીડિયમ	૬.૦૦, ૮.૨૦
	રાજેશ્રી	
	જીત એન્જિનિયર (હિન્દી)	૯.૪૫
	બાહુબલી–૨	૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
	કોસ્મોપ્લેકસ	
	હાફ ગર્લફ્રેન્ડ	૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦,૭.૩૦, ૧૦.૧૦
	બાહુબલી–૨	૯.૧૫, ૧૦.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
	હિન્દી મીડિયમ	૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫
	હાફ ગર્લફ્રેન્ડ	૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
	હિન્દી મીડિયમ	૧૧.૦૦
	બાહુબલી–૨	૨.૦૦, ૫.૦૦, ૧૦.૩૦,
	કરશનદાસ પે એન્ડ યુઝ (ગુજ.)	૮.૦૦

સાંજ પબ્લીકેશન વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીકઃ પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા સાંજ સમાચાર હાઉસ કસ્તુરબા રોડ રાજકોટ. ઈમેલઃ sanjsamachar@gmail.com